ગાંધીનગર સમાચાર

**પાટનગર યોજના ભવન સામેનો શેડ ૬ મહીનાથી ભયજનક હાલતમાં**

# મનપાની સામાન્ય સભામાં લોકશાહીનું ચિરહરણ

## કોંગી સભ્યોએ મેયરને ધક્કે ચડાવ્યા; ખુરશીઓ પછાડી અને હાથ પકડી ખેંચવાનો પણ પ્રયાસ કરતાં વાતાવરણ ઉગ્ર બન્યું : કોંગીના હસમુખ મકવાણા સાવરણો અને ટોપલી લઈ ગૃહમાં મેયરને ભેટ આપવા આવ્યા



ગાંધીનગર, તા.૧

ગાંધીનગર મહાનગર પાલિકાની આજે મેયર શ્રીમતી હંસાબેન મોદીના અધ્યક્ષસ્થાને મળેલી બેઠકમાં કોંગ્રેસના સભ્યોએ ધાંધલ-ધમાલ સર્જી અને મેયરની ખુરશી પછાડવા સહિતના દૃશ્યો વચ્ચે મેયરને ધક્કે ચડાવી અને તેમના જવાના માર્ગમાં અંતરાયો સર્જાતા વાતાવરણમાં ઉગ્રતા આવી જવા પામી હતી.

મહાનગરપાલિકાની સામાન્ય સભામાં ભરતી-નિમણુંક અંગેના નિયમોને બહાલી આપવાનો એક માત્ર એજન્ડા હતો. પરંતુ છેલ્લી ઘડીએ દબાણ શાખામાં આઉટસોર્સિંગથી ભરતી કરાયેલ કર્મચારીઓની મુદ્દત લંબાવવાની દરખાસ્ત પણ સામેલ કરાઈ હતી.

વંદે માતરમ્‌ના ગાન સાથે આરંભાયેલ સમાન્ય સભા શરૂ થતાં જ કોંગીના શ્રી હરમુખભાઈ મકવાણા એક વાંસની ટોપલી અને સાવરણો લઈ સામાન્ય સભામાં પહોંચ્યા હતા.

તેમણે આ ટોપલી બને સાવરણાની ભેટ મેયર શ્રીમતી હંસાબેન મોદીને આપવાની જીદ પકડી અને કહ્યું કે આ નવા વરસની ભેટ તમારા માટે મતદારોએ મોકલી છે. સ્વચ્છતા અભિયાન વાસ્તવમાં શરુ કરો... હવે હદ થાય છે. માત્ર ફોટા પડાવવા જ પકડવા તેવું નહિ પણ આજે સાચેસાચ તમે સાવરણો પકડો.

આ પછી સાર્જન્ટને અપાયે સૂચનાને પગલે સાર્જન્ટ દ્વારા તે લઈ લેવામાં આવતાં મામલો થાળે પડી ગયો હતો.

જેવું એજન્ડા પરનું કામ હાથ ધર્યું ત્યાં જ ભાજપના શ્રી મનુભાઈ પટેલ અને કોંગીના સભ્યોએ દરખાસ્ત કઈ છે તેવું વાંચન કરો અમે ભરતીના નિયમો નિમણુંક અને ભરતીના છે તે સાથે સહમત નથી.

બસ આ પછી તો તોફાની દૃશ્યો મનપાની સામાન્યસભામાં સર્જાયા હતા. મેયર શ્રીમતી મોદીએ આ નિયમોનો એજન્ડા મુલત્વી રાખવાની જાહેરાત કરી અને બીજો

● અનુસંધાન પાન-૭ પર

## ચાર કોર્પોરેટર સામે ફરિયાદ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર મહાનગર પાલિકામાં સામાન્ય સભા દરમિયાન આજે વિરોધ પક્ષના કોર્પોરેટરોએ બે એજન્ડા પાર નહીં પાડવા દેવા કાવતરું ઘડીને સૂત્રોચ્ચાર શરુ કરી દીધા બાદ ફર્નિચર તથા રેકર્ડોને અસ્તવ્યસ્ત કરી નુકશાન કરવાની કોશિશ કરી હતી. તે ઉપરાંત મેયર હંસાબેન કાન્તિલાલ મોદી તથા બીજા કોર્પોરેટરો ઉપર હુમલો કરતાં તેમના શરીરે સામાન્ય ઈજાઓ થવા પામી હતી. આ ઘટના અંતર્ગત મેયર હંસાબેને સે-૭ પોલીસ મથકમાં પીન્કીબેન પટેલ, જીતુ રાયકા, હસમુખભાઈ મકવાણા અને ભાવનાબેન વાઘેલા સામે ફરિયાદ આપતા સે-૭ પોલીસે કાર્યવાહી શરુ કરી છે.

## તંત્ર મૂક પ્રેક્ષક બનતાં મેયર નિરાશ થયા

### પોલીસ ફરિયાદ પણ જાતે લખાવતા પોલીસ સ્ટેશન પહોંચ્યા : પોલીસ બંદોબસ્ત રાખવાની સૂચનાનું પણ પાલન ન થતાં મેયર સખ્ત નારાજ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર મહાનગરપાલિકાની સામાન્યસભામાં કોંસીના હસમુખભાઈ મકવાણા જે રીતે સાવરણો અને ટોપલી સાથે પ્રવેશઅયા તેને લઈ તેમજ સભ્યો દ્વારા વેલમાં ધસી આવેલા કોંગી સભ્યો એ કરેલા તોફાન દરખાસ્ત તંત્રની ભૂમિકાને લઈ મેયર શ્રીમતી હંસાબેન મોદી સખ્ત નારાજ થયા હતા.

આ નારાજગી સામાન્યસભા બાદ તેમના મુખ પર સ્પષ્ટ છલકતી હતી અને તેમને આ મુદ્દે ફાયર ઓફિસર તેમજ તેમના અંગત સચિવ અને કોર્પોરેશનના સેક્રેટરી શ્રી પિનાકીન ભાઈ જોશીને પણ પૃચ્છા કરી નારાજગી વ્યક્ત કરી હતી.

ગઈકાલે તેમની ઓફિસમાંથી પોલીસ બંદોબસ્ત માટે એસ.પી.ને જણાવી વ્યવસ્થા કરવાની સૂચનાનું પણ પાલન તંત્રએ ન કર્યું હોવાનું તેમણે દુઃખ વ્યક્ત કર્યું હતું.

બનેલા બનાવો અંગે તેમને જાતે ફરિયાદી બની અને પોલીસ ફરિયાદ નોંધાવી છે. સામાન્યતઃ સાર્જન્ટ આવા કેસમાં ફરિયાદ નોંધાવે અને તે પણ તંત્રના આદેશને લઈ.

જોકે સામાન્ય સભામાંથી બહાર નીકળી કમિશનર અને અન્ય અધિકારીઓ કચેરીમાં પણ બેઠા ન હતા.

આજની ઘટનાએ ગાંધીનગર મનપાની લોકશાહી તવારીખીમાં કલંક સમાન બની છે.

## ગોવિંદભાઈ પરમારે ઘટનાને વખોડી કાઢી

ગાંધીનગર, તા. ૧

આજે ગાંધીનગર મહાનગરપાલિકાની સામાન્ય સભામાં બનેલી ઘટનાને સખ્ત શબ્દોમાં વખોડી કાઢતાં ભાજપના નેતા શ્રી ગોવિંદભાઈ પરમારે જણાવ્યું છે કે, વિપક્ષ સ્ત્રીદાક્ષિણ્યની ભાવના વિસરી અને મેયરની ગરિમા ન જાળવી નારી શક્તિનું અવમાન કર્યું છે.

તેમણે જણાવ્યું છે કે, આ અશોભનીય કાર્યવાહીને હું વખોડી કાઢુ છું. તેમણે મેયરના હુમલાને કોંગ્રેસના સત્તા માટેના હવાતિયાં ગણાવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, પ્રભુ તેમને સદબુદ્ધિ આપે અને સદભાવના તેમનામાં જાગૃત કરે.

## મનપા ભાજપમાં પણ આંતરિક મતભેદો ચરમસીમાએ પહોંચ્યા...

### બેઠક પૂર્વે મેયરની ચેમ્બરમાં જ તડાફડીનો માહોલ સાંભળી વિપક્ષે કટાક્ષ કર્યો કે આજે વિપક્ષની જરૂર નહિ પડે

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર મહાનગર પાલિકા ભારતીય જનતા પક્ષના આંતરિક મતભેદો આજે ચરમસીમાએ પહોંચ્યા હતા.

ભાજપના સભ્યોમાં બેઠક શરુ થતાં પૂર્વે મેયરની ચેમ્બરમાં જ ઉગ્ર ટપાટપી અને શાબ્દીક યુદ્ધ બહાર સાંભળવા મળ્યું હતું. એક તબક્કે તો બે સભ્યો વચ્ચે બહાર આવી જા જોઈ લઈએ જેવા શબ્દપ્રયોગ પણ થયા હતા. આ ઉપરાંત સામાન્ય સભા શરુ થતાં મેયર દ્વારા દરખાસ્ત મુકવામાં જ આવતાં ભાજપના પૂર્વ નેતા શ્રી મનુભાઈ પટેલ વેલમાં ધસી આવ્યા હતા અને કેવી રીતે અને કઈ દરખાસ્તની વાત કરો છો સ્પષ્ટ દરખાસ્ત વાંચો તેવી ઉગ્ર રજુઆત સાથે જણાવ્યું હતું કે અમે રિક્રુટમેન્ટ રૂલ્સની દરખાસ્તનો વિરોધ કરીએ છીએ. આ પછી સંદીપ જયોતિકા પણ તેમના સ્થાને ઊભા થઈ દરખાસ્તનો વિરોધ કરતા દેખાયા હતા. મનપાની સામાન્ય સભા શરુ થતાં પૂર્વે ભાજપની આંતરિક લડાઈ તીવ્ર બની હતી અને ઉગ્ર બોલાચાલી જોઈ સભાખંડમાં પ્રવેશેલા કોંગી સભ્યોએ જણાવ્યું કે આજે વિપક્ષની જરુર જ નહિ પડે?

આ ઉગ્ર બોલાચાલીને લઈ મેયર પણ સભા માટે ગૃહમાં બે મિનિટ મોડા પ્રવેશ્યા હતા.

## ચાર સનદી અધિકારીઓને અગ્રસચિવ પદે બઢતી

### ૧૨ નવનિયુક્ત સનદી અધિકારીઓની હાલની જગ્યા અપગ્રેડ કરાઈ તો પાંચને સચિવપડે બઢતી અપાઈ

ગાંધીનગર, તા.૧

રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગે ૧૨ જેટલા (GAS) કેડરના અધિકારીઓને આઈએએસ સંવર્ગમાં બઢતી મળતાં તેમની હાલની જગ્યાઓ અપગ્રેડ કરી ત્યાં જ નિમણુંક આપવાના હુકમો કર્યા છે.

સરકારે અન્ય એક હુકમમાં ૨૦૦૦ની બેચના સનદી અધિકારીઓ ડૉ. વિનોદ રાવ, એમ. થેનન્નાવ્સન, અનુપમ આનંદ, મિનિન્દ તોરવણે તેમજ ડી.પી.જોશીને સચિવ કેડરમાં બઢતી આપી છે.

જયારે ૧૯૯૧ની બેચના અધિકારીઓ ડૉ. જયંતિ રાવ, અંજુ શર્મા, એસ.જે. હૈયર અને જે.પી. ગુપ્તાને અગ્રસચિવ પદે બઢથી આપવાના હુકમો પણ કર્યા છે.

આ ઉપરાંત ૨૦૦૩ની બેચના સનદી અધિકારીઓ શ્રી રુપવંતસિંઘ, ડૉ. સંધ્યા ભુલ્લર, પી. સ્વરુપ, અવંતિકાસિંઘ ઔલખ અને જે.કે. આસ્તિકને સિલેકશન ગ્રેડ આપવાનો નિર્ણય કર્યો છે.

## પાટનગર યોજના ભવન સામેનો શેડ ૬ મહીનાથી ભયજનક હાલતમાં

### તોતિંગ વૃક્ષ ધરાશાયી થયા બાદ તુટેલો શેડ ગમે ત્યારે અકસ્માતનુ કારણ બને તેવી દહેશત



(તસવીર : દિપક જાની)

ગાંધીનગર તા ૧

શહેરમાં માળખાગત સુવિધાના કામો સંભાળતા પાટનગર યોજના વિભાગની કચેરી સામે જ દિવા તળે અંધારા જેવી સ્થિતિ સર્જાઇ છે. પાટનગર યોજના ભવનની સામે પાણીના સંપ માટે તંત્ર દ્વારા લાખોના ખર્ચે બનાવાયેલ શેડ છેલ્લા ૬ મહીનાથી તુટેલી હાલતમાં છે. ભયજનક શેડના લીધે ગમે ત્યારે અકસ્માત સર્જાય તેમ છે.

શહેરમાં પાણી ગટર તેમજ રસ્તા સહીતની પાયાની સુવિધાના કામો સંભાળતા પાટનગર યોજના વિભાગના વહીવટનો ચિતાર રજુ કરે તેવા દ્રશ્યો તંત્રની કચેરી પાસે જ સર્જાયા છે. ગત જુલાઇ મહીના દરમિયાન આવેલા તોફાની વરસાદ દરમિયાન શહેરમાં સેંકડો વૃક્ષો ધરાશાયી થઈ ગયા હતા. આ વેળાએ પાટનગર યોજના ભવનની કચેરી સામે સ્થિત પાણીના સંપના શેડ પર તોતિંગ વૃક્ષ પણ ધરાશાયી થતા આખો શેડ તુટી ગયો હતો. જેના પરિણામે શેડના અડધો ભાગ લટકેલી હાલતમાં ભયજનક હોવાનુ ચિત્ર ઉપસી આવ્યુ હતુ. પાટનગર યોજના ભવનની કચેરી સામે જ તંત્ર દ્વારા નિર્માણ કરાયેલો શેડ ભયજનક હાલતમાં હોવાછતા લાંબા સમયથી તેનુ સમારકામ કરવામાં આવ્યુ નથી લાખોના ખર્ચે નિર્માણ કરાયેલા શેડ પર વૃક્ષ ધરાશાયી થતા તુટેલા શેડમાં મોટા ગાબડા યથાવત છે. જેના લીધે ગમે ત્યારે અકસ્માત થાય તેવી દહેશત છે. તુટેલા શેડની આસપાસના વિસ્તારમાં જ કર્મચારીઓ વાહનો પણ પાર્ક કરે છે. ત્યારે ભયજનક શેડ ગમે ત્યારે અકસ્માતનુ કારણ બને તેવી દહેશત છે.

## કલ્ચરલ ફોરમના નવદીક્ષિત કલાકારો આજે અભિવ્યકિત કાર્યક્રમ રજુ કરશે

### સંસ્થા દ્વારા તાલીમ અપાયેલા ૨૨૦ કલાકારો એકાંકી નાટક, વિવિધ લોકનૃત્યો તેમજ સમુહગીતો રજુ કરશે : બાળકો દ્વારા તૈયાર કરાયેલી ચિત્ર કલાકૃતિનુ પણ પ્રદર્શન યોજાશે

ગાંધીનગર તા ૨

ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા આજે ટાઉનહોલ ખાતે રાત્રિના ૮ કલાકે અભિવ્યકિત કાર્યક્રમ રજુ થશે. જેમાં કલ્ચરલ ફોરમ સંચાલિત વિવિધ સ્કુલોમાં તાલીમ પામેલ નવાદિત ૨૨૦ કલાકારો નાટક અને વિવિધ લોકનૃત્યો તેમજ સમુહગીત સહિતની કૃતિઓ રજુ કરશે. જયારે આ તબક્કે ૧૬૦ નવદીક્ષિત કલાકારો દ્વારા તૈયાર કરાયેલા ચિત્રોની કલાકૃતિનુ પ્રદર્શન પણ યોજાશે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા નગરમાં કલાક્ષેત્રે આગળ વધવા ઈચ્છતા રસિકો માટે સ્કુલ ઓફ ડાન્સીંગ ,એકટીંગ,પેઈન્ટીંગ, તેમજ પર્સનાલિટી ડેવલપમેન્ટ તેમજ મ્યુઝિક સહીતના તાલીમ આપવા માટે વિવિધ સ્કુલ શરૂ કરવામાં આવી છે. કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહાએ આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે સુરબધ્ધ તાલબધ્ધ લયબધ્ધ અને સુરેખ સમાજના નિર્માણ માટે પ્રયત્નશીલ સંસ્થા દ્વારા છેલ્લા ત્રણ વર્ષથી કલા સાહીત્ય અને પરફોર્મિંગ આર્ટસના પ્રશિક્ષણ માટે ૬ માસના સર્ટીફીકેટ કોર્ષનુ સંચાલન કરવામાં આવી રહયુ છે. જયારે અભ્યાસના અંતે કલાકારોને સ્ટેજ પુરુ પાડવા માટે કાર્યક્રમનુ આયોજન પણ કરવામાં આવે છે.

જેને અનુલક્ષી સંસ્થા દ્વારા તા ૨ જાન્યુઆરીના રોજ ટાઉનહોલ ખાતે અભિવ્યકિત કાર્યક્રમનુ યોજવામાં આવશે. જેમાં સંસ્થા દ્વારા તાલીમ અપાયેલા ૨૨૦ કલાકારો ભાગ લેશે આ કલાકારો દ્વારા ૨ એકાંકી નાટક, ભરત નાટયમ અને કથ્થક ઉપરાંત પ્રાચીન અર્વાચીન ગરબા અને વેસ્ટર્ન ડાન્સ સહીત ૬ લોકનૃત્યો રજુ કરવામાં આવશે. આ ઉપરાંત ૬ સમુહગીતો પણ રજુ થશે.

વધુમાં આ દરમિયાન ૧૬૦ કલાકારો દ્વારા તૈયાર કરાયેલા કલાત્મક ચિત્રોનુ પણ પ્રદર્શન યોજવામાં આવશે. અભિવ્યકિત કાર્યક્રમ માંણવા ઈચ્છતા કલાપ્રેમી નાગરિકોને સંસ્થા દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યુ છે. આમંત્રણ કાર્ડ મેળવવા માટે સે-૮ ખાતે ગાંધીનગર સમાચારના કાર્યાલયનો સંપર્ક કરવા જણાંવાયુ છે.

## બેસણું



અમારા પુત્રવધુ **પટેલ સિલ્કી બિન્દેશભાઈ** તા. ૨૮/૧૨/૨૦૧૫ને સોમવારે અક્ષરનિવાસી થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૩/૧/૨૦૧૬ને રવિવારના રોજ સવારે ૮-૦૦ થી ૧૧-૦૦ કલાકે** અમારા વતન ગામ ઓળા મુકામે રાખેલ છે.

**નોંધ : કાંણ માંકણ બંધ છે.**

**સ્થળ : નરનારાયણ પાર્ટી પ્લોટ, વેરાઈ માતાના મંદિર સામે, મુ. ઓળા, તા. કલોલ, જી. ગાંધીનગર**

લિ.

**પટેલ પ્રવિણભાઈ ચીમનભાઈ**
**પટેલ ગોવિંદભાઈ પ્રવિણભાઈ**
**પટેલ જગદીશભાઈ ચીમનભાઈ** (ગાંધીનગર)
**પટેલ ઘનશ્યામભાઈ પ્રવિણભાઈ**
**પટટેલ બિન્દેશભાઈ જગદીશભાઈ**

**ફર્મ : નરનારાયણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા. લી. (ગાંધીનગર)**

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના

**હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...**

અક્ષી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK500 TMT BARS - ISI

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com